CWG પેરા એથ્લેટિક્સ

# ગાવિત અને બાસિલે ટોચના બે સ્થાને રહી ઈતિહાસ રચ્યો

**પુરુષોની** 100 મીટર T47 ઇવેન્ટમાં દિલીપ ગાવિતે ગોલ્ડ અને મહંમદ બાસિલે સિલ્વર જીત્યો

**ફાઇનલ** વરસાદથી ભીંજાયેલા ટ્રેક પર યોજાઈ હતી, જેના કારણે દોડવીરો માટે ખૂબ જ મુશ્કેલી પડી હતી



ગ્લાસગો, તા. 30 (પીટીઆઈ) : ભારતે કોમનવેલ્થ ગેમ્સ પેરા-એથ્લેટિક્સ સ્પર્ધામાં પુરુષોની 100 મીટર T47 ઈવેન્ટમાં ટોચના બે સ્થાનો મેળવીને ઈતિહાસ રચ્યો, જેમાં દિલીપ મહાદુ ગાવિતે ગોલ્ડ અને મોહમ્મદ બાસિલ મોરસિંઘનકથે સિલ્વર મેડલ જીત્યો.

દિલીપે એક નવો ગેમ્સ રેકોર્ડ અને સીઝનનો શ્રેષ્ઠ સમય ૧૦.૭૧ સેકન્ડ નોંધાવીને ગોલ્ડ, જ્યારે બાસિલે સિઝનનો શ્રેષ્ઠ સમય ૧૦.૮૩ સેકન્ડ સાથે સિલ્વર મેડલ જીત્યો. ઈંગ્લેન્ડના કેવિન સાન્તોસે સીઝનના શ્રેષ્ઠ ૧૦.૮૫ સેકન્ડ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં આ ભારતનો ત્રીજો ગોલ્ડ મેડલ છે. આ પહેલા મીરાબાઈ ચાનુએ મહિલાઓની 48 કિગ્રા વેઈટલિફ્ટિંગ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો અને શર્મિલા ધનખરે પેરા-એથ્લેટિક્સની મહિલાઓની શોટ પુટ F57 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ફાઈનલ વરસાદથી ભીંજાયેલા ટ્રેક પર યોજાઈ હતી, જેના કારણે દોડવીરો માટે ખૂબ જ મુશ્કેલી પડી હતી. પુરુષોની 100 મીટર T47 ઈવેન્ટ એ પેરા-એથ્લેટિક્સ સ્પ્રિન્ટ ઈવેન્ટ છે જેમાં એવા ખેલાડીઓ ભાગ લઈ શકે છે જેમના એક હાથમાં અપંગતા હોય અથવા તેમનું કાર્ય નબળું હોય, જેના કારણે શરીરના કોઈ ભાગમાં શક્તિ, ગતિ અથવા સંકલન પર અસર પડે. આ બે મેડલ સાથે, ભારત ત્રણ ગોલ્ડ, નવ સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ મેડલ સાથે મેડલ ટેલીમાં આઠમા સ્થાને પહોંચી ગયું છે.

### મર્યાદિત સંસાધનો વચ્ચે સંઘર્ષ અને કોચની પારખુ નજર દિલીપને ગોલ્ડ સુધી દોરી ગઇ

મહારાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારમાં જન્મેલા દિલીપનો ડાબો હાથ તે સમયે પૂરતી તબીબી સુવિધાઓના અભાવે કાપવો પડ્યો હતો. દિલીપના સુવર્ણ ચંદ્રક પાછળ સંઘર્ષ, મર્યાદિત સંસાધનો અને તેના કોચની તીક્ષ્ણ નજરની પ્રેરણાદાયી વાર્તા છુપાયેલી છે. ગામમાં તાલીમ સુવિધાઓના અભાવે એથ્લેટિક્સમાં કારકિર્દી બનાવવી તેમના માટે સરળ ન હતી, પરંતુ કોચ વૈજયનાથ કાલેએ શાળામાં તેમની પ્રતિભાને ઓળખી લીધી. આ સફળતા છતાં, દિલીપ હજુ પણ આગળના પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેમનું આગામી લક્ષ્ય લોસ એન્જલસ 2028 પેરાલિમ્પિક્સ છે.

### પેરા ડિસ્કસ થ્રોમાં સાગર અને દેવેન્દ્ર છઠ્ઠા અને સાતમા સ્થાને રહ્યા

ભારતીય પેરા ડિસ્કસ થ્રોઅર્સ સાગર થૈયાટ અને દેવેન્દ્ર કુમાર પુરુષોની F42-44/F61-64 ઇવેન્ટ્સની ફાઇનલમાં અનુક્રમે છઠ્ઠા અને સાતમા સ્થાને રહ્યા બાદ મેડલ ચૂકી ગયા. F43 શ્રેણીમાં ભાગ લઈ રહેલા સાગરે 51.79 મીટર સાથે એશિયન રેકોર્ડ બનાવ્યો અને સીઝનનો શ્રેષ્ઠ રેકોર્ડ બનાવ્યો. F44 શ્રેણીમાં દેવેન્દ્રએ 10-મેન ફાઇનલમાં 48.20 મીટરનો સીઝનનો શ્રેષ્ઠ રેકોર્ડ બનાવ્યો. F42-44 અને F61-64 વર્ગીકરણ નીચલા અંગોની વિકલાંગતા ધરાવતા રમતવીરો માટે છે. F42-44 શ્રેણીઓમાં રમતવીરો પ્રોસ્થેટિક્સ વિના સ્પર્ધા કરે છે, જ્યારે F61-64 શ્રેણીઓમાં રમતવીરો પ્રોસ્થેટિક્સનો ઉપયોગ કરે છે.

### કોમનવેલ્થ ગેમ્સ 2026 મેડલ ટેલિ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયા | 47 | 21 | 36 | 104 |
| 2 | કેનેડા | 14 | 11 | 16 | 41 |
| 3 | ઈંગ્લેન્ડ | 13 | 28 | 17 | 58 |
| 4 | સ્કોટલેન્ડ | 10 | 7 | 7 | 24 |
| 5 | નાઇજીરિયા | 7 | 5 | 2 | 14 |
| 6 | દક્ષિણ આફ્રિકા | 6 | 8 | 8 | 22 |
| 7 | મલેશિયા | 6 | 3 | 3 | 12 |
| 8 | ભારત | 3 | 9 | 3 | 15 |
| 9 | ન્યૂઝીલેન્ડ | 3 | 7 | 4 | 14 |
| 10 | જમૈકા | 3 | 0 | 1 | 4 |

## શ્રીશંકરે સતત બીજી CWGમાં સિલ્વર જીતી ઇતિહાસ રચ્યો

**મુરલી** શ્રીશંકરે ઘૂંટણની ગંભીર ઇજામાંથી વાપસી કરીને 8.09ના લાંબા કૂદકા સાથે સિલ્વર મેડલ જીત્યો

**જમૈકાના** તાજે ગીલે 8.15ના જમ્પ સાથે ગોલ્ડ જ્યારે સ્કોટલેન્ડના મેકેન્ઝીએ 8.08ના જમ્પ સાથે બ્રોન્ઝ જીત્યો



ગ્લાસગો, તા. 30 (પીટીઆઈ) : મુરલી શ્રીશંકરે બુધવારે ભારતીય એથ્લેટિક્સના ઇતિહાસમાં વધુ એક પ્રકરણ ઉમેરીને કોમનવેલ્થ ગેમ્સમાં લાંબી કૂદની ઇવેન્ટમાં સિલ્વર મેડલ સાથે સતત બે મેડલ જીતનાર પ્રથમ ખેલાડી બન્યો. બર્મિંઘમ 2022 માં સિલ્વર મેડલ જીતનાર 27 વર્ષીય શ્રીશંકરે આ વખતે 8.09 મીટરનો શ્રેષ્ઠ કૂદકો મારીને બીજો સિલ્વર મેડલ જીત્યો. ગયા વર્ષે ઘૂંટણની ગંભીર ઈજાને કારણે તેની કારકિર્દી પાટા પરથી ઉતરી જવાનું જોખમ ઊભું થયા પછી આ સિદ્ધિ તેના માટે ખાસ હતી.

શ્રીશંકર પહેલા, ફક્ત સુરેશ બાબુ (પુરુષોનો કાંસ્ય, ૧૯૭૮), અંજુ બોબી જ્યોર્જ (મહિલાઓનો કાંસ્ય, ૨૦૦૨) અને એમ પ્રજુષા (મહિલાઓનો રજત, ૨૦૧૦) એ આ ઇવેન્ટમાં ભારત માટે મેડલ જીત્યા હતા. માજીવિશ્વ ચેમ્પિયન જમૈકાના તાજે ગીલે ૮.૧૫ મીટરના કૂદકા સાથે ગોલ્ડ મેડલ જીત્યો જ્યારે યજમાન સ્કોટલેન્ડના સ્ટીફન મેકેન્ઝીએ ૮.૦૮ મીટરના કૂદકા સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

આ મેડલ શ્રીશંકર માટે પણ ખાસ હતો કારણ કે એપ્રિલ 2024 માં તેમનું પેટેલર ટેન્ડન ફાટી ગયું હતું. તેમની સર્જરી થઇ હતી અને તેઓ પેરિસ ઓલિમ્પિક્સમાં ભાગ લઈ શક્યો ન હતા. તે સમયે, તેમના સંભવિત પુનરાગમન પર પ્રશ્નો ઉભા થયા હતા. જોકે, શ્રીશંકરે શાનદાર વાપસી કરીને આ આશંકાઓ ખોટી સાબિત કરી.

અજિંક્ય રહાણેની ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ

## કેપ નંબર 278, સાઈનિંગ ઓફ

**ભારત** વતી 85 ટેસ્ટ 90 વન ડે અને 20 ટી-20 રમનારા રહાણેએ 8414 ઇન્ટરનેશનલ રન બનાવ્યા છે

**રહાણેએ** ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો મેસેજ પોસ્ટ કરીને અશ્રુભીની આંખે નિવૃત્તિની જાહેરાત કરી



મુંબઈ, તા. 30 (PTI) : ૨૦૨૦-૨૦૨૧ના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ઇજાઓથી ઘેરાયેલી ભારતીય ટીમને અશક્ય લાગતી ટેસ્ટ સિરીઝમાં યાદગાર જીત અપાવનાર અનુભવી બેટ્સમેન અજિંક્ય રહાણેએ ગુરુવારે ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેણે જણાવ્યું કે હવે તેમના માટે આગળ વધવાનો યોગ્ય સમય આવી ગયો છે.

૩૮ વર્ષીય રહાણેએ ૨૦૧૩થી શરૂ થયેલી પોતાની કારકિર્દીમાં ભારત માટે ૮૫ ટેસ્ટ, ૯૦ વન-ડે (ODI) અને ૨૦ ટી-૨૦ મેચ રમીને રહાણેએ ૮૫ ટેસ્ટમાં ૩૮.૪૬ની સરેરાશથી ૧૨ સદી અને ૨૬ અર્ધસદી સાથે ૫,૦૭૭ રન. જ્યારે ૯૦ વન ડેમાં તેમણે ૩૫.૨૬ની સરેરાશથી ૩ સદી અને ૨૪ અર્ધસદી સાથે ૨,૯૬૨ રન બનાવ્યા છે. ૨૦ ટી-20I મેચોમાં તેણે ૩૭૫ રન બનાવ્યા છે. ૨૦૨૩માં વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ સિરીઝ બાદ તે ભારતીય ટીમમાં સ્થાન મેળવી શક્યો નહોતો.

રહાણેએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો મેસેજ શેર કરતા અશ્રુભીની આંખે કહ્યું, કે જીવનની વાસ્તવિકતા એ છે કે દરેક વસ્તુની શરૂઆત અને અંત હોય છે. જ્યારે એ સમય આવે, ત્યારે તમારે તેનો સ્વીકાર કરીને આગળ વધવું પડે છે. આજે મને લાગે છે કે ઇન્ટરનેશનલ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાનો આ યોગ્ય સમય છે. આ વીડિયો સાથે તેણે કેપ્શન આપ્યું હતું: 'કેપ નંબર ૨૭૮, સાઈનિંગ ઓફ'.

### કોહલીની ગેરહાજરીમાં ઘાયલ ટીમ સાથે ઓસ્ટ્રેલિયાને તેના જ ઘરમાં હરાવ્યું

અજિંક્ય રહાણેની કેરિયર મોમેન્ટ ૨૦૨૧માં આવી હતી, જ્યારે નિયમિત કેપ્ટન વિરાટ કોહલીની ગેરહાજરીમાં તેણે ઘાયલ ટીમની કેપ્ટનશીપ સંભાળીને ઓસ્ટ્રેલિયાને તેના જ ઘરઆંગણે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ૨-૧થી હરાવ્યું હતું. એડિલેડમાં રમાયેલી પહેલી ડે-નાઈટ ટેસ્ટની બીજી ઈનિંગ્સમાં ભારતીય ટીમ માત્ર ૩૬ રન પર ઓલઆઉટ થઇ ગઇ હતી અને ભારે હાર બાદ વિરાટ કોહલી પેટરનીટી લીવ માટે ભારત પરત ફર્યો હતો. તે પછી રહાણેએ કેપ્ટનશીપ સંભાળી અને જસપ્રીત બુમરાહ તથા રવિન્દ્ર જાડેજા જેવા મુખ્ય ખેલાડીઓ ઈજાગ્રસ્ત હોવા છતાં ભારતને ઐતિહાસિક સિરીઝ જીતાડી હતી.

### આર્જિંક્ય રહાણેની ક્રિકેટ કેરિયર આંકડાંની નજરે

| ફોર્મેટ | મેચ | રન | શ્રેષ્ઠ | એવરેજ | સ્ટ્રાઇક રેટ | 100 | 50 |
|---|---|---|---|---|---|---|---|
| ટેસ્ટ | 85 | 5077 | 188 | 38.46 | 49.50 | 12 | 26 |
| વન ડે | 90 | 2962 | 111 | 35.26 | 78.63 | 3 | 24 |
| ટી-20I | 20 | 375 | 61 | 20.83 | 113.29 | 0 | 1 |
| ફર્સ્ટક્લાસ | 205 | 14209 | 265* | 44.96 | 53.08 | 42 | 59 |
| લિસ્ટ A | 192 | 6853 | 187 | 39.84 | - | 10 | 49 |
| ટી-20s | 308 | 7968 | 105* | 30.29 | 126.77 | 2 | 56 |

### સંતોષ અને યશસ પુરુષોની 400 મીટર હર્ડલ્સની ફાઇનલમાં

ગ્લાસગો, તા. 30 : ભારતીય એથ્લેટ યશસ પલકશા અને સંતોષ કે તમિલારસન બુધવારે અહીં કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની 400 મીટર હર્ડલ્સની ફાઇનલમાં પ્રવેશ્યા. બંને ખેલાડીઓએ તેમની હીટ્સમાં બે સૌથી ઝડપી ક્વોલિફાયર પછી ત્રીજા સ્થાને રહ્યા. સંતોષે બીજી હીટમાં ૪૯.૫૧ સેકન્ડના સમય સાથે ત્રીજું સ્થાન મેળવ્યું જ્યારે યશસે પહેલી હીટમાં ૪૯.૬૫ સેકન્ડના સમય સાથે ત્રીજું સ્થાન મેળવ્યું. સંતોષ એકંદરે સાતમા ક્રમે અને યશસ આઠમા ક્રમે રહ્યા ત્રણેય હીટમાં ટોચના બે ફિનિશર્સ આઠ-મેન ફાઇનલ માટે સીધા ક્વોલિફાય થયા, જ્યારે બાકીના બે સ્થાનો એવા ખેલાડીઓને ગયા જેમણે ઓટોમેટિક ક્વોલિફિકેશન ચૂકી જવા છતાં સૌથી ઝડપી સમય નોંધાવ્યો. પુરુષોની 400 મીટર હર્ડલ્સની ફાઇનલ શુક્રવારે યોજાશે.

### લોન બોલ્સ મેન્સ પેરમાં ભારતે નામિબિયાને હરાવી સતત બીજી જીત નોંધાવી

ગ્લાસગો, તા. 30 : ભારતે કોમનવેલ્થ ગેમ્સ લોન બોલ્સ સ્પર્ધામાં પોતાનું પ્રભાવશાળી અભિયાન ચાલુ રાખીને ગઇકાલે બુધવારે પુરુષોની જોડીના વિભાગ B ના બીજા રાઉન્ડના મુશ્કેલ મુકાબલામાં નામિબિયાને હરાવ્યું. મંગળવારે કુક આઇલેન્ડ્સ સામે ટાઇબ્રેકર જીત મેળવ્યા બાદ, ભારતની 'લીડ' નવનીત સિંહ અને 'સ્કીપ' દિનેશ કુમારની જોડીએ પાછળ પડવા છતાં પોતાનો સંયમ જાળવી રાખ્યો અને પહેલો સેટ 5-3થી જીતી લીધો. બીજા સેટમાં ભારતીય ખેલાડીઓએ શરૂઆતથી જ પ્રભુત્વ જમાવ્યું, સતત રમત અને 'જેક' પર અસરકારક નિયંત્રણના કારણે તેમની શરૂઆતની 2-0ની લીડ 6-1 સુધી લંબાવી. નામિબિયાએ સેટના અંતિમ તબક્કામાં બે પોઈન્ટ લઈને અંતર 3-6 સુધી ઘટાડ્યું, પરંતુ ત્યાં સુધીમાં પરિણામ લગભગ નક્કી થઈ ગયું હતું.

### સિઝનના શ્રેષ્ઠ પ્રદર્શન સાથે અનિમેષ 200 મીટરની સેમીમાં

સગો, તા. 30 : રાષ્ટ્રીય રેકોર્ડ ધારક અનિમેષ કુજુરે ગઇકાલે બુધવારે કોમનવેલ્થ ગેમ્સમાં સીઝનનો શ્રેષ્ઠ દેખાવ કરીને 200 મીટરની સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ૨૩ વર્ષીય કુજુરે ૨૦.૪૬ સેકન્ડનો સમય લઈને પ્રથમ રાઉન્ડમાં પોતાની ચોથી હીટ જીતી અને એકંદરે સાતમા સ્થાને રહ્યો. તેણે મંગળવારે ૧૦૦ મીટર દોડમાં ૯.૮૩ સેકન્ડનો સમય લઈને ગોલ્ડ મેડલ જીતનારા કેમરૂનના એમેન્યુઅલ એસેમને પાછળ છોડ્યો હતો. ૧૦ હીટમાંથી ૧૬ સૌથી ઝડપી દોડવીરો ગુરુવારે થનારા સેમી ફાઇનલમાં પહોંચ્યા હતા. આસેમે પણ ૨૦.૭૩ સેકન્ડના સમય સાથે ૧૪મા સ્થાને રહીને સેમી ફાઇનલ માટે ક્વોલિફાય કર્યું.

## CWG ભાલા ફેંકમાં નીરજ, રોહિત અને યશવીર ફાઈનલમાં

**ભારે** પવનને કારણે કોઇ એથ્લેટ 84 મીટરના ક્વોલિફિકેશન માર્કને પાર ન કરી શકતાં ટોચના 12 ફાઇનલ માટે ક્વોલિફાય

**શ્રીલંકાના** રુમેશ 82.84ના થ્રો સાથે પહેલા, ગ્રેનાડાનો એન્ડરસન 81.29ના થ્રો સાથે બીજા જ્યારે નીરજ 79.61ના થ્રો સાથે પાંચમા સ્થાને રહ્યો



ગ્લાસગો, તા. 30 (પીટીઆઈ) બે વખતના ઓલિમ્પિક્સ મેડલિસ્ટ નીરજ ચોપરા અને બે અન્ય ભારતીયો ગુરુવારે અહીં કોમનવેલ્થ ગેમ્સમાં ક્વોલિફિકેશન રાઉન્ડમાં ટોચના 12માં સ્થાન મેળવીને પુરુષોની ભાલા ફેંક સ્પર્ધાની ફાઇનલમાં પહોંચ્યા. ગુરુવારે ક્વોલિફિકેશન રાઉન્ડમાં નીરજ 79.61 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે તે પાંચમા સ્થાને રહ્યો, જ્યારે રોહિત યાદવ (78.37 મીટર) અને યશવીર સિંહ (78.36 મીટર) અનુક્રમે નવમા અને 10મા સ્થાને રહ્યા.

ક્વોલિફિકેશન રાઉન્ડ દરમિયાન પરિસ્થિતિ પડકારજનક રહી, સતત જોરદાર પવન ફૂંકાઈ રહ્યો હતો અને તાપમાન 18 ડિગ્રી સેલ્સિયસ હતું. 18 સહભાગીઓમાંથી કોઈ પણ 84 મીટરના ઓટોમેટિક ક્વોલિફિકેશન સ્ટાન્ડર્ડને પાર કરી શક્યું નહીં. પરિણામે, ટોચના 12 ખેલાડીઓ શુક્રવારે યોજાનાર અંતિમ રાઉન્ડ માટે ક્વોલિફાય થયા. ફક્ત ચાર જ સહભાગીઓ 80 મીટરનો થ્રો કરવામાં સફળ રહ્યા હતા.

શાનદાર ફોર્મમાં રહેલા શ્રીલંકાના રુમેશ થરંગા પાથિરાજે પોતાના પહેલા પ્રયાસમાં 82.84 મીટરના થ્રો સાથે ક્વોલિફિકેશન રાઉન્ડમાં પ્રથમ સ્થાન મેળવ્યું. ગ્રેનાડાના એન્ડરસન પીટર્સ 81.29 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે બીજા સ્થાને રહ્યો. પેરિસ ઓલિમ્પિક્સનો ગોલ્ડ મેડલિસ્ટ પાકિસ્તાનનો અરશદ નદીમ (78.63 મીટર) સાતમા સ્થાને અને ત્રિનિદાદ અને ટોબેગોના વર્તમાન વિશ્વ ચેમ્પિયન કેશોર્ન વોલકોટ (78.26 મીટર) 11મા સ્થાને રહીને ફાઈનલ માટે ક્વોલિફાય થયો.

## વર્લ્ડકપ માટે ભારતીય હોકી ટીમની જર્સી કેસરી કરાતા વિવાદ ગાજ્યો

**હોકી** જર્સીના 'ભગવાકરણ' પર પરગટ સિંહે સવાલ ઉઠાવ્યા ; ધનરાજ પિલ્લેએ કહ્યું વાદળી રંગ જ ટીમની ઓળખ

**ટેકનિકલ** કારણોસર રંગ બદલાયાનું હોકી ઇન્ડિયાનું નિવેદન, પ્રિયંકા ગાંધીએ કહ્યું તેઓ કંઇ પણ કરે યુવાનોએ અભિપ્રાય આપી દીધો છે



નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ) : ભારતીય પુરુષ અને મહિલા હોકી ટીમો આવતા મહિને નેધરલેન્ડ અને બેલ્જિયમમાં યોજાનાર FIH વર્લ્ડકપમાં પરંપરાગત વાદળી જર્સીને બદલે કેસરી જર્સી પહેરશે. જર્સીનો રંગ બદલવાના નિર્ણય પર માજી ખેલાડીઓએ નારાજગી દર્શાવી હતી અને તેના કારણે ગાજેલા વિવાદ બાદ, હોકી ઈન્ડિયાએ જણાવ્યું હતું કે કોચ અને ખેલાડીઓની વિનંતી પર ટેકનિકલ કારણોસર આ નિર્ણય લેવામાં આવ્યો છે.

માજી કેપ્ટન વિરેન રાસ્કિન્હાએ આ નિર્ણય પર સવાલ ઉઠાવતા કહ્યું છે કે હોકી ટીમ વર્ષોથી વાદળી જર્સીમાં રમી રહી છે અને ચાહકો પણ તેને આ રંગમાં જોવા માંગે છે. આ તરફ માજી કેપ્ટન પરગટ સિંહે આરોપ લગાવ્યો હતો કે દેશમાં દરેક વસ્તુનું ભગવાકરણ કરવામાં આવી રહ્યું છે. જ્યારે સુપ્રસિદ્ધ ફોરવર્ડ ખેલાડી ધનરાજ પિલ્લેએ કહ્યું કે વાદળી જર્સી દાયકાઓથી આ રમતની ઓળખ રહી છે. તો કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડરાએ કહ્યું હતું કે ભલે તેઓ ગણવેશ બદલે કે શિક્ષણ નીતિ દ્વારા ઈતિહાસ ફરીથી લખવાનો પ્રયાસ કરે, આ દેશના યુવાનોએ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કર્યો છે. તમે જોયું કે જંતર-મંતર પર એકઠા થયેલા યુવાનો શું કહી રહ્યા હતા. તે દેશનો અવાજ છે.આ વિવાદ બાદ, હોકી ઈન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, એવું જોવા મળ્યું હતું કે વાદળી જર્સી ઈન્ટરનેશનલ હોકી પીચ માટે પ્રમાણભૂત વાદળી એસ્ટ્રોટર્ફ સાથે ભળી જાય છે. આ સમાન રંગને કારણે ખેલાડીઓ માટે મેદાન પર સ્પષ્ટ રીતે જોવાનું મુશ્કેલ બન્યું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે, કોચ અને ખેલાડીઓએ પીળો અથવા કેસરી જેવા અન્ય રંગો સૂચવ્યા હતા. કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, કેસરી પસંદ કરવામાં આવ્યો. તકનીકી આવશ્યકતાઓને પૂર્ણ કરવા ઉપરાંત, કેસરી રંગનું ઊંડું મહત્વ પણ છે કારણ કે તે આપણા રાષ્ટ્રીય ધ્વજના રંગોમાંનો એક છે અને હિંમત, બલિદાન અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક છે.

## ફ્લેમિંગ બન્યો ઈંગ્લેન્ડનો ટેસ્ટ કોચ : રૂટને ફરી કેપ્ટન બનાવાયો

**ઇન્ટરનેશનલ** ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં ઈંગ્લેન્ડના કોચ તરીકે ન્યૂઝીલેન્ડના માજી ખેલાડી

લંડન, તા. 30 : ઈંગ્લેન્ડે આજે ગુરુવારે ન્યુઝીલેન્ડના અન્ય માજી ખેલાડી સ્ટીફન ફ્લેમિંગને તેની ટેસ્ટ ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરીને સ્ટાર બેટ્સમેન જો રૂટને ફરીથી કેપ્ટન તરીકે નિમ્યો છે. ફ્લેમિંગે તેમના માજી સાથી બ્રેન્ડન મેક્કુલમનું સ્થાન લીધું, જેને ગયા મહિને ઓસ્ટ્રેલિયામાં એશિઝ 4-1થી હારી ગયા બાદ અને ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે સીરિઝ 2-1થી હારી ગયા બાદ બરતરફ કરવામાં આવ્યો હતો. આ રીતે, હવે ત્રણેય ફોર્મેટમાં ઈંગ્લેન્ડના મુખ્ય કોચ ન્યુઝીલેન્ડના માજી ખેલાડી છે કારણ કે મેક્કુલમ વન ડે અને ટી-20 ટીમના કોચ તરીકે યથાવત છે.

ફ્લેમિંગ ૧૯ ઓગસ્ટથી લીડ્સમાં શરૂ થનારી પાકિસ્તાન સામેની ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી બાદ કાર્યભાર સંભાળશે. માર્કસ ટ્રેસ્કોથિક આ શ્રેણી માટે ઈંગ્લેન્ડના કાર્યકારી કોચ રહેશે. રૂટે અગાઉ 2017-2022 સુધી ઈંગ્લેન્ડના કાયમી ટેસ્ટ કેપ્ટન તરીકે સેવા આપી હતી. તેમણે 65 ટેસ્ટ મેચોમાં ટીમનું નેતૃત્વ કર્યું, જે ઈંગ્લેન્ડ માટે એક રેકોર્ડ છે, અને તેમાંથી રેકોર્ડ 27 મેચ જીતી છે. ૩૫ વર્ષીય રૂટ બેન સ્ટોક્સનું સ્થાન લેશે, જેમણે જૂનમાં ન્યુઝીલેન્ડ સામેની સીરિઝ પછી ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી.

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે જણાવ્યું હતું કે ફ્લેમિંગને આ મહિનાની શરૂઆતમાં ચેન્નાઈ સુપર કિંગ્સના કોચ પદેથી રાજીનામું આપ્યા બાદ તેમના પરિવાર સાથે રહેવા માટે ઘરે પાછા ફરવાની રજા આપવામાં આવી રહી છે. ઈંગ્લેન્ડના મુખ્ય કોચ તરીકે તેમની પ્રથમ શ્રેણી ડિસેમ્બર-જાન્યુઆરીમાં દક્ષિણ આફ્રિકામાં ત્રણ ટેસ્ટ મેચની હશે. ફ્લેમિંગે ચેન્નઈને રેકોર્ડ પાંચ ઈન્ડિયન પ્રીમિયર લીગ ટાઇટલ અપાવ્યા.

## કોમનવેલ્થ ટેબલ ટેનિસ : ભારતીય પુરૂષ અને મહિલા ટીમનું ગોલ્ડન સ્વીપ

**ભારતે** લાઇનઅપમાંથી હરમીત દેસાઇને બહાર રાખ્યો, માનુષ શાહના શાનદાર પ્રદર્શનથી પુરુષ ટીમ જીતી

નવી દિલ્હી, તા. 30 (PTI) : ગુરુવારે અહીં રમાયેલી 22મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપની ફાઈનલમાં મનુષ શાહના શાનદાર પ્રદર્શનની મદદથી ભારતની પુરૂષ ટીમે મલેશિયાને 3-2થી હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું હતું. આ પહેલાં, મહિલા ટીમે ત્યાગરાજ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલમાં મલેશિયાને સરળતાથી 3-0થી હરાવીને ટાઈટલ જીતી લીધું હતું. લીગ તબક્કામાં મલેશિયા સામે થયેલી હાર બાદ ભારતે પોતાની લાઈન-અપમાંથી હરમીત દેસાઈને બહાર રાખ્યો હતો, જ્યારે મલેશિયાએ ત્રીજા રબર માટે પોતાના બીજા ખેલાડીને મેદાનમાં ઉતાર્યો હતો. માનવ ઠક્કરે ક્વિ શાન વોંગ સામે 2-0ની સરસાઈ મેળવી લીધા બાદ ભારતની જીત આસાન લાગી રહી હતી. જોકે, વોંગે શાનદાર વાપસી કરીને માનવને 2-3થી હરાવી મુકાબલો 2-2થી બરાબર કરી દીધો. આ સાથે જ ટાઈટલનો નિર્ણય માનુષ શાહની પાંચમી અને નિર્ણાયક મેચ પર નિર્ભર થયો હતો. માનુષે જેવેન ચુઆંગ સામે શરૂઆતથી અંત સુધી દબદબો જાળવીને ભારત માટે ગોલ્ડ મેડલ પાકો કર્યો હતો.

અનુસંધાન... પાના પહેલાનું

### દિલ્હી ડાયરી...

ફેલાવા' અંગે લાલબત્તી ધરી હતી અને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલયને 'એલ્ગોરિધમ આધારિત પક્ષપાત સાથે જોડાયેલી ચિંતાઓ દૂર કરવાના ઉપાયો શોધવા' વિનંતી કરી હતી. પેનલે મંત્રાલયને 'બિગ ટેક કંપનીઓ અને વ્યક્તિગત કન્ટેન્ટ ક્રિએટર્સ અથવા ઇન્ફ્લુઅન્સર્સ સંબંધિત મુદ્દાઓનો ઉકેલ લાવવા' પણ જણાવ્યું હતું.

### વિપક્ષી નેતાઓની દિલ્હી રેલીનો નિષ્ફળ પ્લાન

તૃણમૂલ કોંગ્રેસનાં વડાં અને પશ્ચિમ બંગાળનાં પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીનો દેશની રાજધાની પહોંચીને દિલ્હીના જંતર-મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી દ્વારા ચલાવવામાં આવી રહેલા યુવા આંદોલનને સમર્થન આપવાનો પ્લાન રદ કરવો પડ્યો હતો. તેઓ દિલ્હી માટે ઉડાન ભરે તે પહેલાં જ સરકારે પ્રદર્શનકારી યુવાનોની માંગણીઓ સ્વીકારી લીધી હતી, જેમાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવાનો પણ સમાવેશ થાય છે. પ્રદર્શનકારી યુવાનોના સમર્થનમાં જંતર-મંતર પર કેટલાક ટોચના વિપક્ષી નેતાઓનો સંયુક્ત શક્તિપ્રદર્શન થઈ શક્યું હોત, પરંતુ તે શરૂ થાય તે પહેલાં જ પૂરું થઈ ગયું. જાણવા મળ્યું છે કે, સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરાવિંદ કેજરીવાલ આ વિરોધને વધુ અસરકારક બનાવવા માટે મમતા બેનર્જી સાથે જવા સંમત થયા હતા. અન્ય કેટલાક વિરોધ પક્ષોના નેતાઓ પણ મમતા બેનર્જીના આમંત્રણ પર વિચાર કરી રહ્યા હતા, જેમને દિલ્હીની ફ્લાઇટ ટિકિટ કેન્સલ કરવી પડી હતી. જોકે, તૃણમૂલ કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, તેઓ 'વિદ્યાર્થીઓની જીત'થી ખુશ હતા.

### વર્તમાન માર્ગદર્શિકામાં...

કહ્યું હતું કે આવા શસ્ત્રોના ઉપયોગની મંજૂરી આપતા પોલીસ નિયમોને પડકાર્યા વિના નાગરિકોની ભીડને વિખેરવા માટે પેલેટ ગનના ઉપયોગ પર પ્રતિબંધની માંગણી "અસ્પષ્ટ" હતી. ગ્રોવરે જણાવ્યું હતું કે જાહેર ડોમેનમાં આવા નિયમો શોધવા સરળ નથી અને તેમણે બેન્ચને કેન્દ્ર સરકારને તેને રેકોર્ડ પર મૂકવાનો નિર્દેશ આપવા વિનંતી કરી હતી. અહેવાલો અનુસાર, 20 જુલાઈના રોજ કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા આયોજિત 'સંસદ ચલો' માર્ચ દરમિયાન સિંહ અને મન્સૂરીને પેલેટની ઈજાઓ થઈ હતી. ગ્રોવરે કહ્યું કે અરજદારોના કિસ્સામાં મેટાલિક પેલેટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેમના શરીરમાંથી તે મળી આવ્યા હતા.

### E20 પેટ્રોલને...

IV અને BS-VI E10 ઈંધણ વાળા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો પર E20ની અસરનું મૂલ્યાંકન કરવા માટેનો અભ્યાસ ARAI, SIAM અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ(IOCL) દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે આ અભ્યાસમાં માનક પરીક્ષણ ઉપરાંત અને વહન ઉત્પાદકો સાથે મળીને તૈયાર કરાયેલા ખાસ ટેસ્ટ પ્રોટોકોલનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે, વાહનની શ્રેણી અને જૂના-નવા મોડેલના આધારે વાહનોની ઈંધણ કાર્યક્ષમતા(માઈલેજ) ૨ થી ૬ ટકા ઘટી શકે છે. E20 પેટ્રોલ (૮૦ ટકા પેટ્રોલ, ૨૦ ટકા ઈથેનોલ)ના ઉપયોગની શરૂઆત સામે વિપક્ષી પક્ષો અને કેટલાક ગ્રાહક જૂથો દ્વારા ટીકા કરવામાં આવી છે, જેમણે ખાસ કરીને ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણ માટે ડિઝાઈન ન કરાયેલા જૂના વાહનો પર તેની અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે. ટીકાકારોએ સવાલ ઉઠાવ્યો છે કે શું તમામ વાહનો E20 સાથે સંપૂર્ણપણે સુસંગત છે કે નહીં. તેમણે માઈલેજ ઘટવાની અને મેઈન્ટેનન્સ ખર્ચ વધવાની શક્યતાઓ તરફ ઈશારો કર્યો છે, તેમજ જો એન્જિન અથવા ફ્યુઅલ સિસ્ટમમાં સમસ્યા આવે તો તેની જવાબદારી કોની રહેશે તે અંગે સ્પષ્ટતા માંગી છે.

### વિદ્યાર્થીઓ પર...

વિરોધ પ્રદર્શન બાદ ઘરે પરત ફરીને દીપકેએ ભારપૂર્વક કહ્યું, લોકશાહી બચાવવી એ હવે માત્ર વિપક્ષનો મુદ્દો નથી રહ્યો. દેશના લોકોએ એક થવું પડશે. ૩૦ વર્ષીય આ ચળવળકારે પ્રહલાદ જોશીની નવા શિક્ષણ મંત્રી તરીકેની નિમણૂકની ટીકા કરી હતી અને તેમને વિચિત્ર માણસ કહ્યા હતા. તેમણે લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલી અમિત શાહના રાજીનામાની માંગને ટેકો આપ્યો હતો. દીપકેએ ખાતરી આપી હતી કે જો ખેડૂતોને તેમના આંદોલનમાં CJPના સમર્થનની જરૂર પડશે તો તેઓ તેમની સાથે ઊભા રહેશે. દીપકેએ મત વ્યક્ત કર્યો હતો કે દેશના પોલીસ દળે ભાજપના આદેશોનું પાલન ન કરવું જોઈએ, પરંતુ બંધારણ મુજબ ચાલવું જોઈએ.

### 1 અને 2 ઓગસ્ટે...

વિસ્તારોમાં પાણી ભરાવા, નદીઓ અને નાળાઓમાં જળસ્તર વધવા તેમજ શહેરી વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ શકે તેવી ચેતવણી આપી છે. રેડ અને ઓરેન્જ એલર્ટ હેઠળના જિલ્લાઓમાં સ્થાનિક વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા, અનાવશ્યક મુસાફરી ટાળવા, નદી-નાળાની નજીક ન જવા તેમજ માછીમારો, ખેડૂતો અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોએ વિશેષ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

### નેપાળમાં વકરેલી...

જે હવે મધેશ પ્રાંતના ધનુષા અને સિરાહા જિલ્લા સહિતના વિસ્તારોમાં પણ ફેલાઇ ગઈ છે. આ અશાંતિમાં ઓછામાં ઓછા ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે નાગરિકો, પ્રદર્શનકારીઓ અને સુરક્ષાકર્મીઓ સહિત ડઝનબંધ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ઘણા પોલીસ ફાયરિંગ અને અંદરોઅંદરની અથડામણમાં ઘાયલ થયા છે. આ હિંસાને કારણે વ્યાપક પ્રમાણમાં આગચંપી, તોડફોડ, પથ્થરમારો અને પ્રદર્શનકારીઓ તથા સુરક્ષા દળો વચ્ચે હિંસક આમને-સામને આકરા ઘર્ષણ થયા છે. અનેક વાહનો, દુકાનો અને અન્ય ખાનગી મિલકતોને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. તેના જવાબમાં, સત્તાવાળાઓએ સંવેદનશીલ વિસ્તારોમાં નિયંત્રણો વધુ કડક બનાવ્યા છે જેથી હિંસાને આગળ ફેલાતી અટકાવી શકાય. હિંસા સૌથી પહેલા સુન્સરી જિલ્લામાં ફાટી નીકળી હતી. આ તણાવ ધીમે ધીમે પાડોશી જિલ્લાઓમાં ફેલાયો, જેના કારણે સ્થાનિક વહીવટીતંત્રે કટોકટીના પગલારૂપે નિયંત્રણો લાદવાની ફરજ પડી. સત્તાવાળાઓએ ઈનારૂવા, જનકપુર, સિરાહા, ગોલબજાર અને લહાન સહિતના અનેક વિસ્તારોમાં કરફ્યુ અમલી બનાવ્યો છે, જ્યારે ધનુષા અને અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના નિયંત્રણો લાદવામાં આવ્યા છે. પોલીસ, આર્મ્ડ પોલીસ ફોર્સ અને નેપાળી સેનાના જવાનોને સંવેદનશીલ સ્થળોએ મોટી સંખ્યામાં તેનાત કરવામાં આવ્યા છે. સ્થાનિક અહેવાલો મુજબ, સુરક્ષા સ્થિતિ પર હવામાંથી નજર રાખવા માટે હેલિકોપ્ટરનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યાં તણાવ છે તે કોશી અને મધેશ - બંને જિલ્લાઓ ભારતના બિહાર સાથે સરહદ ધરાવે છે.